# ઉત્તરપ્રદેશની વૈતરણી પાર કરવી અનિવાર્ય

**તંત્રીસ્થાનેથી...**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મોડે મોડે આપેલી મુલાકાતમાં રિઝર્વ બેન્કના નિવર્તમાન ગવર્નર રઘુરામ રાજનની પ્રશંસા કરીને શાખ બચાવવાનો પ્રયાસ કર્યો છે. રાજનની વિરુદ્ધ રીતસરની જેહાદ ચલાવી રહેલ સુબ્રણ્યમ સ્વામીનું નામ લીધા વગર એમણે પબ્લિસીટી - ભૂખ્યા લોકોને પણ પણ ચીમકી આપી છે કે વ્યવસ્થાથી ઉફરું કોઈ જ ન હોઈ શકે. જો કે મોદીની આટલી અમથી ચીમકીથી સુબ્રણ્યમ્ સ્વામી એમના 'મિશન'ને પડતું મૂકવાના નથી. એમણે તો સરકારમાં રહી કામ કરતા સુબ્રમણિયમ જેવા બીજા અધિકારીઓને પણ પીછો પકડેલો છે. જો કે મોદીએ અર્ણવ ગોસ્વામીને આપેલ ઈન્ટરવ્યુમાં પાર્ટી લાઈન ઓળંગી લાઈમ લાઈટમાં રહેવા માગતા નેતાઓને જે ચીમકી આપી છે તે પછી સ્વામી કેવું વલણ અપનાવે છે તે જોવું રસપ્રદ બની રહેશે. મોદીએ મીડિયાના સિંહ ગણાતા અર્ણવને પણ બકરી બનાવી દીધા અને સતત પોતાને જે કહેવું હતું તે કહેતા રહ્યા - એથી કેજરીવાલ જેવા ટીકાકારોને અર્ણવ ખરીદાઈ ગયા હોવાની ટિપ્પણી કરવાની પણ તક મળી ગઈ. મોદીએ કાળાં નાણાં પરત લઈ આવી દરેક ખાતેદારના ખાતામાં પંદર-પંદર લાખ જમા કરાવવાની ગુલબાંગો ઠોકી હતી તેની પણ યાદ અપાવવાની કોશિશ તો અર્ણવે કરી પરંતુ મોદીએ એનો ઉડાઉ જવાબ આપી વિષયાંતર કરી દીધું. વસ્તુતઃ મોદી મીડિયાથી છેટા રહીને પણ મીડિયા ફ્રેન્ડલી હોવાની વિશિષ્ટ છાપ ધરાવે છે. શક્ય ત્યાં સુધી તેઓ પ્રવર્તમાન વિવાદો પ્રત્યે મૌન જ સેવતા રહે છે. દાખળા તરીકે ઉત્તરપ્રદેશમાં ચૂંટણી જીતવા માટે એમમે રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહને છૂટો દોર આપી દીધો છે. અમિત શાહનું એકે એક પગલું હિંદુ મતદાતાઓના ધ્રુવીકરણનું છે. તેઓ તમામ તીર્થસ્થાનો પર પહોંચી જઈ, સાધુ સંતોનો સંપર્ક કરી ઉત્તરપ્રદેશમાં ભાજપનું શાસન સ્થાપવા એમના આશીર્વાદ માગે છે. ગંગા આરતી ઉતારે છે. યોગી આદિત્યનાથ, સાક્ષી મહારાજ કે સાધ્વી પ્રાચી મન ફાવે એવાં નિવેદનો કરતાં રહે છે. સંઘ, વિશ્વ હિંદુ પરિષદ અને બજરંગ દળ અયોધ્યામાં રામમંદિરના નિર્માણની તિથિ જાહેર કરી ચૂક્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી કૈરાના મુદ્દે ભલે કશું ન બોલે, પરંતુ કૈરાનામાંથી હિંદુ પરિવારોની હિજરતનો મુદ્દો એમના માટે ચૂંટણી પ્રચારના હુકમનો એક્કો સાબિત થવાનો છે. માયાવતીના મજબૂત ટેકેદાર સ્વામી પ્રસાદ મૌર્યને સમાજવાદી પાર્ટીમાં જતા અટકાવીને તથા બીજા દલિત નેતા કેશવપ્રસાદ મૌર્યને પ્રદેશ અધ્યક્ષપદની નવાજેશ કરીને મોદી માયાવતીના પગ તળેથી ચાદર ખેંચી રહ્યા છે. અખિલેશ યાદવની સરકારમાં ચાલી રહેલી અંધાધુંધીને કારણે પ્રજા માનસ નવો વિકલ્પ શોધી રહી છે ત્યારે ભૂલથી પણ માયાવતી કે કોંગ્રેસ તરફ લોકમત ન ઢળે, એની મોદીને બહુ જ ફિકર રહે છે. રોબર્ટ વાડ્રા સામેની તપાસ પછી પ્રિયંકાનું વજૂદ ઘટવાનું છે પરંતુ સપાના વિકલ્પે બસપા - મુલાયમની જગ્યાએ માયાવતી બેસી ન જાય એની કાળજી રાખવાની છે. મોદીને ઉત્તરપ્રદેશની ચૂંટણી 'વૈતરણી' જેવી લાગી રહી છે!

# શરીરના કોઈ પણ ભાગમાં સોજો આવે તો તાત્કાલિક ડૉક્ટર પાસે જવું જોઈએ




સુધાબેન ખુબ તંદુરસ્ત હતા. વજન આશરે ૮૫ કિલોગ્રામ હતુ. રોજ સવારે કસરત કરતા ખોરાક પણ સારો. કોઈ તકલીફ નહિ. કસરત કરતા કરતા એક દિવસ તેમણે દોડવાની ઈચ્છા થઈ ગયી. થોડુક જ દોડ્યા પછી સુધાબેન હાંફવા માંડ્યા. ધમણની જેમ શ્વાસ ચડવા લાગ્યો. આંખે અંધારા આવી ગયા. પરસેવો થઈ ગયો. છાતીમાં દુખાવા માંડ્યું. સુધાબેનના પતિ હરેશભાઈ એ આ ખુબ ધ્યાન થી જોયું. અને જોયા પછી તરતજ કહ્યું સુધા તું નોર્મલ નથી. તને કાંઈક શારીરિક પ્રશ્ન છે. તારું શરીર ફિક્કું પડી ગયું છે. આજેજ કોઈ સારા ડોક્ટર ની સલાહ લઈએ. સુધાબેને ગાંધીનગરના જાણીતા ડોક્ટરને બતાવ્યું. ડોકટરે સુધાબેનને તપાસ્યા. બ્લડપ્રેસર માપ્યુ. જે બરાબર હતું. stethoscope થી હૃદયના ધબકારા નોંધ્યા. જે વધારે હતા. સમાંન્ય રીતે ૭૦-૮૦ ની વચ્ચે Pulse હોય .જેની જગ્યાએ ૧૦૦ ની નજીક હતા. હાથમા પગમા સોજા દેખાતા હતા. ડોકટરે કહ્યું, લેબોરેટરીમા લોહીના ટેસ્ટ કરવા પડશે. હેમોગ્લોબિન ખુબજ ઓછું છે. સાવ ફિક્કા પડી ગયા છો . લેબોરેટરીમા જઈ ને લોહીનો ટેસ્ટ કરાવ્યો. બાકીના બધા ટેસ્ટ નોર્મલ આવ્યા સિવાય કે હેમોગ્લોબિન ૪ ગ્રામ આવ્યું. અને Serum Ferritin ઘણું ઓછું આવ્યુ. ડોકટરે તાજામાજા લાગતા સુધાબેનને લોહી ચઢાવા માટે કહ્યું. ૩-૪ બોટલ લોહી ચઢાવ્યા પછી સુધાબેનનું હેમોગ્લોબિન ૧૦ ની નજીક આવ્યું. અને ધીરે ધીરે સુધાબેન ના સોજા ઓછા થઈ ગયા. આમ કહેવાનો મતલબએ કે જો લોહી વધારે પડતું ઓછું હોય તો શરીર મા સોજા આવે. માટે હેમોગ્લોબિન ૬ મહીને ૧ વાર તપાસ કરાવી લેવી જોઈએ.

શકુન્તલાબેનને પણ શરીર ઉપર સોજા આવી ગયા હતા. ખાસ કરીને પગના પંજા સુજી ગયા હતા. ગોળ દડા જેવા દેખાતા શકુન્તલાબેન ચાલતા ત્યારે ખુબ થાક લાગતો. અને પગ મુકતાની સાથે પડી જઈશ એવું લાગતું. એટલે માંડ માંડ ચાલી શકતા એટલે ડોકટરે એમને લોહી ટેસ્ટ કરવાનું કહ્યું. રીપોર્ટમાં પ્રોટીન, આલ્બ્યુંમીન ખુબ ઓછું આવ્યું. સામાન્ય રીતે પ્રોટીન નો

## (Edema Or Swelling in body parts)

ટેસ્ટ ઓછા કરાવતા હોય છે . પ્રોટીન પણ ૬ મહીને એક વાર કરાવી લેવું જોઈએ . શકુન્તાબેનની ચામડી પણ કાળી પડી ગયી હતી. શ્વાસતો ચડતોજ હતો. ડોકટરે નસ વાટે આલ્બ્યુંમીન આપવાનું કહ્યું. આલ્બ્યુંમીન નસ વાટે આપ્યા બાદ શકુન્તાબેન નોર્મલ થયી ગયા. પ્રોટીન ઓછું થઈ જવાનું કારણ શું? અત્યારે આપણા બધાને તળેલુ તીખું ચાટાકેદાર ખાવાનું વધારે પસંદ છે. એમાં શરીર ને કયા ખોરાક થી ફાયદો થાય છે એ આપણે વિચારતા જ નથી. લોકો પાણીપુરી, ભાજીપાઉં, ઢોસા , તરળેલી વેફર્સ વધારે પસંદ કરે છે. તો ભાઈ શું ખાવું જોઈએ? તો જેમાંથી પ્રોટીન, વિટામિન્સ, મિનરલ્સ, આયર્ન વધારે મળતા હોય તેવા ખોરાક પસંદ કરવા જોઈએ. જેમકે કઠોળ જેવાકે મગ, ચોળા, તુવેળ, ચાણા, શેકેલા ચણા અને ગોળ, તદુપરાંત દૂધ, ફળો , લીલા શાકભાજી જે કાચા અથવા રાંધેલા વધારે પ્રમાણ મા લેવા જોઈએ. આપણે ત્યાં Dietitian Doctor હાજર જ હોય છે . છતાં પણ એનો ઉપયોગ ખુબ જ ઓછા લોકો કરતા હોય છે. જે વધારવાની જરૂર છે. શરીર નું વજન વૈજ્ઞાનિક રીતે ઉંચાઈના પ્રમાણ માં કેટલું હોય અને એ કરવા માટે કયો ખોરાક લેવો જોઈએ એ Dietitian સારી રીતે કહી શકે છે. Dietitian નો Opinion લો અને શરીર તંદુરસ્ત રાખો.

સીતાબેનને હાથે અને પગે અને આંખની નીચે તથા ગાલ ઉપર સોજા રહેતા હતા. માથામાં વાળની લંબાઈ ખુબ હતી તે ખરવા માંડ્યા હતા. ઘણા હોમિયોપેથી પ્રયત્નો કર્યા. છતાં પણ તકલીફમાં કઈ ફરક પડતો નહિ. સીતાબેનને કામ કરવામાં ખુબ આળસ આવતી.જીવનમાં ઉત્સાહ ન હતો. ઘરનું કામ કરવામાં ગતિ ખુબ ધીમી થઈ ગઈ હતી. બીજા એક બે ડોકટરો ની સલાહ લીધી. દવાઓ ખાધી. પણ કઈ ફરક પડ્યો નહિ. પણ કોઈ બુદ્ધિશાળી બહેને સલાહ આપી અલી સીતા તુ ચામડીના ડોક્ટરને બતાવ. આ તારા વાળ કેવા સરસ મજાના હતા અને હવે સાવ બોડી થવા માંડી. ગાંધીનગરના જાણીતા ચામડીના ડોક્ટરને બતાવ્યું જેમ ને સીતાનું બરાબર અવલોકન કરી કહ્યું કે લોહીના થોડા ટેસ્ટ કરવા પડશે. તેમને Vitamin B12, Vitamin D, Thyroid , Hemogram કરવા માટે રીક્વીજીસન ફોર્મ ભર્યું. સીતાબેને ગાંધીનગરની સારી લેબોરેટરીમા ટેસ્ટ કરાવવા ગયા. એકાદ કલાક મા બધા રીપોર્ટ મળી ગયા . સીતાબેન ડોક્ટર પાસે પાછા ગયા. ડોકટરે રીપોર્ટ જોયા અને કહ્યું TSH એટલે કે થાઈરોઈડ ૧૦૦ કરતા પણ વધારે છે. એટલે તમને હાઈપો થાઈરોડીઝમ નામનો રોગ છે. ડોકટરે કહ્યું થાઈરોઈડની દવા માટે કોઈ પણ સારા ફીજીસિયન ને બતાવો. એ જે દવા આપે એ બરાબર લો. એકાદ મહિના મા તમે જેવા પહેલા હતા તેવા ચોક્કસ થઈ જસો. અને તમારા માથાના ઉતરતા વાળ પણ પહેલા જેવા લાંબા થઈ જશે. મહિના પછી સીતાબેનને જાણે નવું જીવન મળ્યું હોય એવું લાગવા લાગ્યું. અને જીવન જીવવા જેવું લાગ્યું. પણ હા સીતાબેન તમારે ગોળી રોજ લેવાની છે. તમે જીવો ત્યાં સુધી થાઈરોઈડ ની ગોળી લેવાની. અને દર ૬ મહીને થાઈરોઈડ નો ટેસ્ટ કરવાનો અને ટેસ્ટ પ્રમાણે અથવા રીપોર્ટ પ્રમાણે ડોક્ટરની સલાહ લીધા પછી ગોળી વધારે અથવા ઓછી કરવાની.

કનુભાઈને ચાલતા ચાલતા હાફ ચડતો. પગમાં સોજા આવી જતા. કોઈ વખત છાતીમાં દુખતું પણ ખરું. બધા ટેસ્ટ નોર્મલ આવતા. પણ હોંશિયાર ડોક્ટરે તેમને હૃદયનો કાડીઓગ્રામ, હૃદય નો ઈકો તથા TMT(TreadMill Test) કરવાનું કહ્યું. જેમાં એવું સાબિત થયું કે હૃદય નબળું હતું અને હૃદય ને લોહી બરાબર પહોંચતું ન હતું. ફીજીસિયનને તેમણે હૃદય ના ડોક્ટર (કાડીઓલોજીસ્ટ) ની સલાહ લેવાનું કહ્યું જેમાં અમુક નળી ઓમાં બ્લોક થાય છે તેવું નિદાન થયું. તેમને જંક્ફહં મુકવાની અથવાતો બાયપાસ કરવાની ડોક્ટરે સલાહ આપી.

મધુભાઈને દારૂ પીવાની ખુબ ટેવ. અને તેના હિસાબે પગ ઉપર તેમજ મોં ઉપર સોજા આવી જતા. જે ડોક્ટર ને બતાવ્યું. ઘણા બધા ટેસ્ટ પછી નિદાન થયું કે Severe Liver Disease છે જેને Cirrhosis of liver પણ કહેવાય છે. મધુભાઈ એ દારૂ ઓછો કર્યો અને આગળ તપાસ કરાવી.

ઘણી વખત કોઈ પણ એલર્જીક રિએકશનમાં પણ શરીરમાં સોજા આવતા હોય છે. ઘણી વખતે Critical Illness જેવી કે શરીરનો કોઈ ભાગ દાઝી ગયો હોય ત્યારે, શરીરમાં કોઈ પણ જગ્યા ઉપર જંતુનો ચેપ લાગ્યો હોય ત્યારે સોજા આવતા હોય છે. પ્રેગનન્સીમાં પણ હેમોગ્લોબિન અને પ્રોટીન ઓછો થઈ જવાથી સોજા આવતા હોય છે.

ટૂંકમાં શરીરના કોઈ પણ ભાગ પર સોજો આવે તો તેને આળસમાં ન લેવુ. તાત્કાલિક ડોક્ટર પાસે જવું જોઈએ. યોગ્ય નિદાન કરાવવું જોઈએ. અને આનંદથી જીવવું જોઈએ.

# આજે ઐતિહાસિક વસંત-રજબનો શહિદ દિવસ

**પ્રસંગસર**
**આલોક આનંદ**

ભારતના સ્વાતંત્ર્યની પૂર્વ સંધ્યાનું ૧૯૪૬નું એ વર્ષ હતું. મહંમદ અલી ઝીણા અને તેમની મુસ્લિમ લીગનાં તીવ્ર કોમવાદી પ્રચાર અને સીધા પગલાનાં આદેશે ભારતભરમાં હિન્દુ મુસ્લિમમાં તંગદિલી સર્જી હતી. અમદાવાદમાં વાતાવરણ દેખીતું શાંત હોવા છતાં તંગદિલી ભર્યું, ભારેલા અગ્નિ જેવું હતું.

૧લી જુલાઈ ૧૯૪૬ની પહેલી તારીખે રથયાત્રાનો દિવસ હતો. અમદાવાદ શહેરમાં ઠેર ઠેર કોમી તોફાનો ફાટી નીકળ્યા હતા. ત્યારે વસંત અને રજબ શહેરમાં શાંતિ માટેનાં પ્રયાસો કરવા લોકોને સમજાવવાનું વિચારતા હતા. એટલામાં કોંગ્રેસ ભવનમાં એકાએક ટેલિફોનની ઘંટડી રણકી ફોન ઉપાડતા તેઓને સામેની વ્યક્તિએ સંદેશો આપ્યો કે જમાલપુર ખાંડની શેરી પાસે નવાડુંગરપુરા આગળ એક હિંસક સશસ્ત્ર ટોળું માનવ હત્યા કરવા નીકળી પડ્યું છે. તમે તત્કાળ અમને રક્ષણ અને શાંતિ થાય તે માટે સેવાદળના સૈનિકોને અમારી મદદે મોકલી આપો. આ સમાચાર સાંભળતા જ વસંત અને રજબ ત્યાં જવા માટે તૈયાર થઈ ગયા, બીજા સેવાદળના સૈનિકો દ્વારા તેમની જાનની સલામતી ના કારણે વસંત-રજબને રોકવા ઘણાં પ્રયત્નો કર્યા છતાં તેઓ રોકાયા નહિ અને વિના વિલંબે તેઓ જમાલપુર નવાડુંગરપુરાનાં આગળના ચોકમાં પહોંચ્યા. લોકોને હિંસાથી અળગા રહેવા વિનંતી કરે એ પહેલાં જ હિંસક બનેલા ટોળાએ વસંત-રજબ ઉપર સશસ્ત્ર હુમલો કરતા તેઓ ત્યાં જ ઢળી પડ્યા અને તેઓના પ્રાણ પંખેરું ઊડી ગયા

વસંત અને રજબ ગાંધીજીએ બનાવેલ સેવાદળના લોકપ્રિય યુવાન સૈનિક હતા. તેઓના શહિદ થવાની સેવાદળને બહુ મોટી ખોટ પડી હતી.



દર પહેલી જુલાઈ એ ૩૦ થી ૪૦ સેવાદળના સૈનિકો અવિરત આજદિન સુધી શહાદત સ્થળે પોતાના સહયોગી શહદતોને ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પતા આવતા રહ્યા છે.

૧૯૬૯માં પણ આખા અમદાવાદમાં કોમી તોફાનોએ માજા મુકી હતી. લોકો ભયનાં માર્યા પોતાની જાનમાલની સલામતી માટે જગ્યાએ પોતાનાં કુટુંબ કબિલા સાથે હિજરત કરી ગયા હતા.

ત્યારબાદ વસંત-રજબનાં જીવન અને કાર્યશૈલીથી પ્રભાવિત થઈ કોમી એકતા માટે મારા પરમ મિત્ર સ્વ. અહેમતભાઈ કચરાજીવાલાનો મને સાથ મળ્યો તેમજ બીજા કોમી એખલાસમાં માનનારા હિંદુ અને મુસ્લિમ મિત્રો ઈમ્તિયાઝભાઈ કાદરી, અહેમદભાઈ તામડીવાલા, સોમાજી ચોહાણ, ગણપતભાઈ નેનાજી મારવાડી, સ્વ. ઈસ્લામિલભાઈ પાલીવાલા, મહંમદભાઈ ચાવાળા અમારા વિસ્તારમાં અનેક મિટીંગો દ્વારા લોકોમાં પ્રેમ, વિશ્વાસ, સદ્ભાવના માટે શાંતિ અને કોમી એકતાની ભાવના, પોતાની નૈતિક ફરજ માટે અનેક મહાનુભાવોના કાર્યક્રમો રાખી જાગૃતિ લાવવા પ્રયત્નો કરેલ.

૧૯૮૫થી આજદિન સુધી અમારી સવંત-રજબ જનસેવા સમિતિ દ્વારા શહિદદિને શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ અમે અચૂક કરતા રહીએ છીએ. ૧૯૮૮માં મેં વસંત-રજબના જીવન પર 'સમર્પણ' નામનું નાટક બનાવી અમદાવાદ દૂરદર્શન ઉપર રજુ કર્યું હતું.

અનેક વિટંબણાઓમાં અને અથાગ પ્રયાશો બાદ છેવટે સને ૨૦૦૦ની સાલમાં મ્યુ. કોર્પોરેશન તરફથી વસંત-રજબના સ્મારકનું નિર્માણ અને અનાવરણ કરી અમારી માંગણી અને લાગણીને સંતોષી તે બદલ હું આલોક આનંદ કોર્પોરેશનમાં તે સમયનાં કોર્પોરેટર ખુરશીદબાઈ સૈયદનાં સહયોગ અને સ્મારક બનાવવાની મંજુરી તેમજ નિર્માણ કરવા બદલ કોર્પોરેશનનો તેમજ કમિશ્નર કેશવ વર્માનો હૃદયપૂર્વક આભાર વ્યક્તિ કરું છું, કારણ કે તેઓ સર્વેએ મને વીર શહિદ વસંત-રજબનાં ઋણથી ઋણમુક્ત કર્યો.

# ઈન્ડિયન એક્સપ્રેસના સ્થાપક કોણ હતા?




## વ્યક્તિ વિશેષ

(૧) ચંદ્રગુપ્ત મોર્યે કોની પાસેથી જૈન ધર્મની દીક્ષા લીધી હતી?
(અ) ભદ્રબાહુ (બ) મુનિ પુણ્યવિજયજી
(ક) શ્યામસુરી (ડ) ઉપગુપ્ત

(૨) ગંગ શાસક નરસિંહ દેવે કયું મંદિર બનાવ્યું હતું?
(અ) મોઢેરા સૂર્યમંદિર (બ) જગન્નાથપુરી મંદિર
(ક) કોણાર્કનું સૂર્યમંદિર (ડ) તિરુપતિ મંદિર

(૩) ગાંધીજીના પાંચમા પુત્ર તરીકે કોણ ઓળખાય છે?
(અ) હરિલાલ (બ) રામદાસ
(ક) નારાયણ દેસાઈ (ડ) જમનાલાલ બજાજ

(૪) આંધ્ર કેસરી તરીકે કોણ ઓળખાય છે?
(અ) એન.ટી. રામારાવ (બ) ટી. પ્રકાશમ
(ક) ચંદ્રબાબુ નાયડુ (ડ) રામોજી રાવ

(૫) ધર્માનંદ કોસંબી કયા ધર્મના ઊંડા અભ્યાસુ તરીકે જાણીતા છે?
(અ) શિખ ધર્મ (બ) જૈન ધર્મ
(ક) બૌધ ધર્મ (ડ) ખ્રિસ્તી ધર્મ

(૬) 'ટીપુ સુલતાન' અને 'હૈદર અલી' જેવા પ્રસિદ્ધ ચિત્રોના સર્જન કોણ છે?
(અ) શૌક્ત અલી મીર (બ) નાઝીર હુસેન
(ક) સુલેમાન પટેલ (ડ) આર. કે. લક્ષ્મણ

(૭) કયા કથાકારનું સાહિત્યિક ઉપનામ 'શ્રાવણી શ્યામ કિંકર' છે?
(અ) ગાયત્રી દેવી (બ) ઉમા ભારતી
(ક) ઈન્દીરા બેટીજી (ડ) સાધ્વી ઋતુંભરા

(૮) મારીયો મિરાન્ડોનું નામ કયાં ક્ષેત્ર માટે જાણીતું છે?
(અ) સંગીત (બ) ચિત્રકલા
(ક) નાટ્યકલા (ડ) રમત-ગમત

(૯) આણંદની અમૂલ ડેરીના સ્થાપક કોણ હતા?
(અ) ઝવેરભાઈ પટેલ (બ) ત્રિભોવનદાસ પટેલ
(ક) ડૉ. વર્ગીસ કુરિયન (ડ) માનસિંહભાઈ ચૌધરી

(૧૦) ઈન્ડિયન એક્સપ્રેસના સ્થાપક કોણ હતા?
(અ) ડૉ. એસ.આર. રંગનાથન (બ) પ્રભુનાથ ગોએન્કા
(ક) ચિત્તરંજન ગુપ્તા (ડ) રામનાથ ગોએન્કા

(૧૧) ભારતના કયા ભૌતિકશાસ્ત્રી મિ. ઓઝોન તરીકે ઓળખાતા હતા?
(અ) કે. આર. રામનાથન (બ) શ્રી રામાનુજન
(ક) ડૉ. હોમીભાભા (ડ) સી.વી. રામન

(૧૨) કયા પેશવા 'મેક્યાવલી' તરીકે ઓળખાતો હતો?
(અ) બાજીરાવ (બ) નાના ફડનવીસ
(ક) માધોજી રાવ (ડ) કેસરીનંદન આપ્ટે

(૧૩) માતા વસંત તરીકે કોણ ઓળખાય છે?
(અ) એની બેસન્ટ (બ) સરોજીની નાયડુ
(ક) કસ્તુરબા (ડ) તારાભાઈ

(૧૪) અંગ્રેજી ભાષામાં લખનાર પ્રથમ ભારતીય લેખિકા કોણ છે?
(અ) અરુંધતી રોય (બ) ઝુંપા લાહેરી
(ક) ડૉ. અમૃતા પટેલ (ડ) તોરુ દત્ત

(૧૫) ગાંધીજીને 'અર્ધ નગ્ન ફકીર' કોણે કહ્યા હતા?
(અ) વિસ્ટર ચર્ચિલ (બ) ચિત્તરંજન દાસ
(ક) ડેવિડ સ્મિથ (ડ) જમશેદજી તાતા

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ**

- ૧ જુલાઈ ૧૯૦૬ — જીન ડ્યુડોને : ફ્રેન્ચ ગણિતશાસ્ત્રી, શિક્ષણશાસ્ત્રી, એબસ્ટ્રેક એલ્જીબ્રા, ટોપોલોજી તથા થિયરી ઑફ લાઈ ગ્રુપ્સ પર પુસ્તકો લખનાર
- ૧ જુલાઈ ૧૯૦૩ — એમી જોન્સન : બ્રિટીશ પ્રથમ મહિલા પાયલોટ, સતત ત્રમ દિવસ ઉડ્ડયન કરવાન રેકોર્ડ
- ૨ જુલાઈ ૧૮૭૬ — હેરીટ બ્રુક્સ : કેનેડીયન ન્યુક્લિઅર ભૌ.વિજ્ઞાની, ૧૯૦૧ થી ૦૫ દરમિયાન રેડિયોએક્ટીવીટી સાયન્સ પર કામ કરનાર
- ૨ જુલાઈ ૧૮૬૨ — સર વિલિયમ બ્રેગ : સોલિડ સ્ટેટ ફિઝિક્સના બ્રિટીશ વૈજ્ઞાનિક, ૧૯૧૫માં ક્રિસ્ટલ સ્ટ્રક્ચર વિશેના સંશોધન માટે નોબેલ પ્રાઇઝ વિજેતા
- ૩ જુલાઈ ૧૮૫૮ — ચાર્લ્સ સ્કચર્ટ : અમેરીકન સંશોધક તથા પેલેન્ટોલોજીસ્ટ, ૧૮૮૦માં જમીન અને દરિયાઈ અશ્મિઓ પર સંશોધન કરનાર
- ૩ જુલાઈ ૧૭૮૨ — પિયર બર્ધીયર : ફ્રેન્ચ ખનીજશાસ્ત્રી અને એન્જી. એલ્યુ.ની કાચી ધાતુ બોકસાઈડ શોધનાર
- ૪ જુલાઈ ૧૮૮૩ — રબ ગોલ્ડબર્ગ : અમેરીકન કાર્ટૂનિસ્ટ અને ટેકનોલોજીસ્ટ કાર્ટૂન સિરીઝ બનાવનાર
- ૪ જુલાઈ ૧૮૮૨ — ફ્રેડ એલિશન : અમેરીકન ભૌ.શાસ્ત્રી, આઈસોટોપને ડિટેક્ટ કરવા મેગ્નેટો ઓપ્ટીકલ ટેકનિક વિકાસવનાર
- ૫ જુલાઈ ૧૮૬૭ — એન્ડ્રયુ એલીકોટ ડોગ્લાસ : અમેરીકન ખગોળશાસ્ત્રી તથા આર્ચીયોલોજીસ્ટ
- ૫ જુલાઈ ૧૮૬૨ — જ્યોર્જ હેનરી ફલિન્કર ન્યૂટાલ : અમેરીકન-બ્રિટીશ બાયોલોજીસ્ટ, બાયલોજીની અલગ-અલગ બ્રાન્ચો આપનાર
- ૬ જુલાઈ ૧૮૧૭ — રૂડોલ્ફ વૉન કોલીકર : સ્વિઝ એનાટોમીસ્ટ તથા ફિઝિઓલોજીસ્ટ, ઈમ્બ્રિયોલોજીના પાયોનીયર
- ૬ જુલાઈ ૧૭૮૫ — સર વિલિયમ જેક્સન હૂકર : ઈંગ્લીશ બોટાનીસ્ટ, લંડન રોયલ બોટાનીકલ ગાર્ડનના પ્રથમ ડાયરેક્ટર
- ૭ જુલાઈ ૧૮૪૩ — કેમીલો ગોલગી : ઈટાલીયન ફીઝીશિયન અને બાયોલોજીસ્ટ,પેથોલોજીસ્ટ
- ૭ જુલાઈ ૧૮૩૭ — સર મોરેલ મેકેન્ઝી : ઈંગ્લીશ લાયરીઓન્લોજીસ્ટ ૧૮૮૮માં 'ધ ફેટલ ઈલનેશ ઑફ ઈલનેશ ઑફ ફેડરીક ધ નોબલ' પુસ્તક લખનાર જેમાં કેન્સર સંબંધીત કરેલ પ્રયોગોની વિગતો છે

## ગત સપ્તાહના સવાલનો જવાબ

**સવાલ : ૨૦૧૬ના રાષ્ટ્રપ્રમુખ બનવા માટે અમેરિકામાં કયા બે નેતાઓ વચ્ચે હરિફાઈ ચાલી રહી છે? જવાબ : હિલેરી ક્લિન્ટન અને ડોનાલ્ડ સ્ટ્રમ્ફ**

## સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨ (૨) મૂળજીભાઇ પરમાર 'દધિ' : સે-૭બી (૩) જયેન્દ્ર પ્રસાદ એન. પાઠક : ઈન્ફો.જુ.સા.કૉ (૪) મહેશ એમ જાદવ : ગૂજરાત વિદ્યાપીઠ (૫) નટુભાઈ દરજી : પેથાપુર (૬) ધીરુભાઈ એન. વાઘેલા : કોબા (૭) નેહલ બી વાઘેલા : કોબા (૮) રોકલ વાઘેલા : કોબા

## આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**યુરોપિયન રાષ્ટ્ર સમૂહમાંથી નીકળી જવા માટે તાજેતરમાં કયા દેશમાં જનમત લેવાયો?**

**'ગાંધીનગર સમાચાર'-ખજાનો વિભાગ,**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

## સાચા જવાબો

(૧) અ (૨) ક (૩) ડ (૪) બ (૫) ક (૬) અ (૭) ક (૮) બ (૯) બ (૧૦) ડ (૧૧) અ (૧૨) બ (૧૩) અ (૧૪) ડ (૧૫) અ

# સાક્ષરજન તો તેને કહીએ...







અક્ષરજ્ઞાન સારું હોય તે સાક્ષર. પરંતુ જ્ઞાનની સૌમ્ય આભા તેના સમગ્ર વ્યક્તિત્વમાં પથરાયેલી હોય તે જરૂરી છે. શબ્દકોશ પ્રમાણે 'પંડિત'નો અર્થ છે - વિદ્વાન, બુદ્ધિશાળી, કુશળ, ચતુર, સમજદાર.

ધર્મગ્રંથો કોઈને કોઈ સ્વરુપે મનુષ્ય પાસે એનું આદર્શરુપ પ્રસ્તુત કરે છે. જેમ કે ગીતામાં સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો. આ રીતે ધર્માત્મા વિદુરે 'વિદુરનીતિ' માં 'પંડિત'ના લક્ષણો આપ્યા છે. (૧/૨૦થી ૩૪, ૪૫) 'સર્વે પંડિત ઉચ્યતે' આને પંડિત કહી શકાય.

કેટલાંક લક્ષણો આ પ્રમાણે છે :

(૧) તે હંમેશાં સત્કર્મો જ કરે છે અને દુષ્કર્મથી દૂર રહે છે.

(૨) પોતાની યોગ્યતા સમજીને જ કાર્યનો આરંભ કરે છે.

(૩) ઠંડી-ગરમી, શ્રીમંતાઈ-ગરીબાઈ, ભય-પ્રેમ - આમાનું કોઈ તેમાં શરૂ થયેલા સત્કાર્યને અટકાવી શકતું નથી.

(૪) કાર્યને પરિણામ સુધી પહોંચાડીને જ જંપે છે.

(૫) એ દૃઢ સંકલ્પ સાથે આરંભ કરે છે અને પુરેપૂરી ગોરનીયતા જાળવે છે. (જમણો હાથ આપે, તો ડાબા હાથને ખબર ન પડે.)

(૬) પરિણામ આવે ત્યારે જ લોકોને જાણ થાય કે આ સત્કાર્ય આણે કર્યું છે.

(૭) તે નાસ્તિક નથી, ઈશ્વરમાં શ્રદ્ધાવાળો છે. તે ધર્મપરાયણ છે.

(૮) સાંસારિક પ્રલોભનો તેને આકર્ષી શકતા નથી, કાર્યમાં અંતરાય બની શકતા નથી.

(૯) 'હું જ એકમાત્ર વિદ્વાન છે.' એવા અભિમાનમાં તે રહેતો નથી.

(૧૦) પોતાની પાસે અઢળક સમૃદ્ધિ આવે, વિદ્યાભ્યાસમાં અતિશય પ્રગતિ કરીને આગળ વધી જાય, તો પણ જનસમાજમાં એકદમ હળવાશથી હરતો ફરતો હોય છે અને સૌને હળવો મળતો રહે છે.

(૧૧) પોતાનાં કાર્યક્ષેત્રમાં જે કોઈને મળવાનું થાય - કોઈની પણ અવગણના કરતો નથી. કોઈને તરછોડે એવું અભિમાન બિલકુલ હોતું નથી.

(૧૨) ક્રોધ, હર્ષ, ધમંડ, જડતા - આવા ભાવો અને તેના અતિરેકે કયારેય એના આચરણમાં પ્રગટતા નથી.

(૧૩) પોતાના વિચારો, વાણી અને વર્તનમાં એ કયારેય જડત રાખતો નથી. પરિસ્થિતિ અને સંજોગો પ્રમાણે જરૂરિયાત મુજબ ઔચિત્ય જાળવીને ફેરફાર માટે તૈયાર રહે

(૧૪) એની અર્થ પ્રાપ્તિ અને કામતૃપ્તિ ધર્મને અનુસરીને હોય.

(૧૫) તે કયારેય સંસ્કારોની મર્યાદા ઓળંગતો નથી.

(૧૬) કોઈનું પણ હિત થતું હોય, ભલું થતું હોય તો તે તેમાં આડો આવતો નથી.

(૧૭) એને પોતાને પણ સૌની ઉન્નતિ થતી હોય તેવાં સારાં કાર્યોમાં રસ હોય છે.

(૧૮) એ પોતાનો સમય કોઈ પણ રીતે વેડફતો નથી.

(૧૯) પોતાને માટે જે પ્રાપ્ત ન હોય એની ઈચ્છા કરતો નથી.

(૨૦) તે આફતો વરસવા માંડે તો ગભરાઈ જતો નથી.

(૨૧) તે ધારાપ્રવાહથી બોલી શકે છે તેના વકતવ્યમાં વિશિષ્ટતા અને તર્કબદ્ધતા હોય છે, તેની પ્રતિભા દેખાઈ આવે છે.

(૨૨) કોઈ પણ ગ્રંથ વિશે તે તરત જ અભિપ્રાય આપી શકે છે.

(૨૩) લોકોને શું આપત્તિ આવી શકે એમ છે અને એનો ઉપાય શું હોઈ શકે - તે સારી રીતે જાણતો હોય છે.

(૨૪) કોઈ સમસ્યાની એની પાસે રજૂઆત હોય તો તે તરત જ સમજી જાય છે. તેનો સાર ગ્રહણ કરી લે અને તે મુજબ ઉપાય કહે, એમાં પોતાનો સ્વાર્થ વચ્ચે ન લાવે. શાંતિથી અને ધીરજથી એને સાંભળે છે; ભલે વિલંબ થાય.

(૨૫) એનો વિદ્યાભ્યાસ એની માનસિકતાને ઘડે છે અને એની માનસિકતા એના વિદ્યાભ્યાસને ઘડે છે.

ધર્માત્મા વિદુરે દર્શાવેલા આ લક્ષણો અનેક રીતે ચિંતનીય છે, વિદ્યાપ્રેરક છે.